# Today's Current Affairs...

## Person

- દેશને માટે મરી ફીટવાની અને કુરબાન થઈ જવાની દેશ દાઝ લઈને જન્મેલા **ઉધમસિંઘને 31મી જુલાઈ 1940**ના રોજ ફાંસીને માંચડે ચઢાવી દેવાયા હતા.

- સરકારી ટંકશાળ, મુંબઈએ મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રીકાથી પરત ફરવાની શતાબ્દી તથા કામાગાટા મારૂ ઘટના પર સ્મૃતિ સિક્કાનું વેચાણ શરૂ કર્યું છે. આ સિક્કા મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રીકાથી પરત ફરવાની શતાબ્દીની થીમ પર આધારિત છે અને 100 અને 10 રૂપિયાના મૂલ્યમાં ઉપલબ્ધ છે. કામાગાટા મારૂ ઘટના 23 મે, 1914ની છે.

## Defence

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ(DRDO) ઓર્ગેનાઈઝેશને રિમોટથી ચલાવી શકાય એવી **'મુન્ત્રા'** નામે ઓળખાતી આ માનવરહિત ટેન્ક વિકસાવી છે. ભારતીય સેના દેખરેખ માટે, સુરંગો શોધવા માટે અને પરમાણુ-જૈવિક ખતરાનું સર્વેક્ષણ કરવા માટે આ ટેન્કોનો ઉપયોગ કરી શકે છે.

## Sport

ચેક રિપબ્લિકમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ભારતના **શિવ થાપાએ** ૬૦ કિગ્રા વજન વર્ગમાં અને કોમનવેલ્થ ગેમ્સના ગોલ્ડ મેડાલીસ્ટ **મનોજ કુમારે** ૬૯ કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા.

મુંબઈમાં જિયો પારસી પ્રકાશન તબક્કો -2 ની શરૂઆત કરવામાં આવી છે. જિયો પારસી પ્રકાશન તબક્કો -2 નો હેતુ પારસી સમુદાયની વસ્તીમાં સ્થિરતા અને વધારો કરવાનો છે.

આ યોજનામાં બે ઘટકો છે: તબીબી સહાય અને વકિલાત (પરામર્શ). આ યોજનાનો પ્રથમ તબક્કો 2013 માં શરૂ કરવામાં આવ્યો હતો.

PremierCareerInstitute

-------------------------------------------------------------

# 31મી જુલાઈ ઉપન્યાસ સમ્રાટ દિવ્વંત પ્રેમચંદનો જન્મદિવસ . . .

આધુનિક હિન્દી અને ઉર્દૂ સાહિત્યકાર મુનશી પ્રેમચંદનો જન્મ 31મી જુલાઈ 1880ના રોજ વારાણસી નજીક આવેલ લમ્હીગામમાં થયો હતો. તેમના પિતા મુનશી અજાયબલાલ જેઓ પોસ્ટમાસ્તર હતા. માતા આનંદીદેવી સુંદર, સુશીલ અને સુઘડ સ્ત્રી હતા. પ્રેમચંદનું મૂળ નામ ધનપતરાય હતું. પરંતુ તેમના કાકા જમીનદાર હતા તેઓ તેમને નવાબ કહેતા હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ સ્થાનિક મદરેસમાં મૌલવી પાસે લીધું હતું. જ્યાં તેમણે ઉર્દૂ ભાષા શીખી હતી. પ્રેમચંદ સાત વર્ષના હતા ત્યારે માતાનું અવસાન થયું.

જ્યારે તેઓ સોળ વર્ષના થયા ત્યારે પિતાનું અવસાન થયું. ત્યારપછી તેમનો ઉછેર સાવકીમાએ કર્યો હતો. પ્રેમચંદના લગ્ન બાજુના ગામની 15 વર્ષની યુવતી સાથે થયા હતા. સ્વભાવે પત્ની પ્રતિકૂળ બનતાં તેઓ ઈ.સ. 1899માં પ્રેમચંદ ઘર છોડી દેતાં વૈવાહિક જીવનનો અંત આવ્યો હતો. અને તેમની પત્ની પોતાના પિયર ચાલી ગઈ હતી. સાત વર્ષ પછી જ્યારે તેની વિધવા સાથે કોઈ લગ્ન કરવાના છે તેવી જાહેરાત પેપરમાં જોઈ ત્યારે તેઓ બીજીવાર વિધવા કન્યા શિવરાનીદેવી સાથે લગ્ન કર્યા.

ઈ.સ.1899માં તેમણે લમ્હી છોડી દીધું હતું. ત્યારબાદ તેમણે ચૂનાર ટાઉનમાં મિશન શાળામાં સ્કૂલ માસ્તરની નોકરી માત્ર રૂ. 18 વેતનમાં સ્વીકારી.ઈ.સ. 1904માં તેમણે વર્નાક્યુલરની પરીક્ષા પાસ કરી હતી. ત્યારબાદ તેમની કાનપુરમાં ડેપ્યુટી ઇન્સ્પેકટર ઓફ સ્કૂલ્સ તરીકે બદલી થઇ હતી.

તેમનું સાહિત્યિક જીવન ઈ.સ. 1901 થી શરૂ થયુ  હતું. તેમણે પ્રથમ નવલકથા અસરાર-એ-માઅબીદલખી હતી. જે ઉર્દૂ અઠવાડિક અવાઝ-અ-ખલ્કમાં પ્રકાશિત થઇ હતી. તેમણે સાહિત્યિક ઉપનામ શરૂઆતમાં ‘ નવાબરાય’ અને પાછળથી ‘પ્રેમચંદ’ રાખ્યું હતું.

ઈ.સ. 1921માં તેમણે ગાંધીજીના કહેવાથી સરકારી નોકરીમાંથી રાજીનામું આપી દીધું હતું. ઈ.સ.1921માં તેમને ત્યાં પુત્ર અમૃતરાયનો જન્મ થયો.

PremierCareerInstitute

પ્રેમચંદની લેખનશૈલીનું મુખ્ય લક્ષણ રસપ્રદ વાર્તા લખવાનું અને સાદી ભાષામાં લખવાનું હતું. તેમની નવલકથાઓમાં ગ્રામ્ય જીવનની મુશ્કેલીઓ વર્ણવાઈ છે. તેઓ ઉચ્ચ પ્રકારની હિન્દીનો પોતાના લેખનમાં ખૂબ ઓછો ઉપયોગ કરતાં અને આમ આદમીના ડાયલોગ વધુ રજુ કરતા.

પ્રેમચંદજીએ પોતાના જીવનકાળ દરમ્યાન અનેક વાર્તાસંગ્રહો અને નવલકથાઓ લખી. ‘ સાંજે વતન’, ‘વરદાન’, ‘રંગભૂમિ’, ‘શ્યામા’, ‘ નિર્મલા’, ‘ સેવાસદન’,’કર્મભૂમિ’, ‘ ગોદાન’ અને ‘ ગબન’ વગેરે કૃતિઓ સાહિત્યમાં સિતારાની જેમ ચમકી રહી છે. કેટલીક કૃતિઓમાં ભારતીય ભાષાઓમાં અનુવાદ પણ થયા છે. તેમની સામાજિક સમસ્યાઓને સ્પર્શતી વાર્તાઓ અને નવલકથા લખીને ભારતમાં અદ્દભૂત જાગૃતિ આવી હતી. તેમના ‘ સુરદાસ’, સોફી’, ‘નિર્મલા’, ‘ સુમન’ અને ‘ પ્રેમશંકર’ જેવા અનેક પાત્રોએ એક નવો સંસાર રચ્યો છે જે માનવીને ઉન્નત રસ્તે લઇ જવામાં પ્રેરક બન્યા છે.

પ્રેમચંદે 300 ટૂંકી વાર્તાઓ, નવલકથાઓ, નિબંધો અને પત્રો લખ્યા છે. તેમણે કેટલાક નાટકોનો અનુવાદ પણ કર્યો છે. પ્રેમચંદની કૃતિઓ આધારિત ફિલ્મો બની છે જેમાં ઈ.સ. 1977માં “ગોધૂલિ, ઈ.સ. 1966માં ગબન, ઈ.સ. 1963માં ગોદાન , ઈ.સ. 1938માં સેવાસદન , અને ઈ.સ. 1943માં મજદૂર ફિલ્મો બની છે. આ ઉપરાંત ઈ.સ. 1980માં નિર્મલા અને ઈ.સ. ઈ.સ.અ 1981માં સદ્દગતિ ટીવી સીરીયલ પણ રજુ થઇ હતી. હિન્દી સાહિત્યકાર આઠમી ઓક્ટોબર 1963ના રોજ સવારે સાડા સાતે તેઓ અનંત નિદ્રામાં પોઢી ગયા.

---------------------------------------------------------------------------------------

## 100 અને 10 રૂપિયાના મૂલ્યમાં ઉપલબ્ધ છે. . .

સરકારી ટંકશાળ, મુંબઈએ મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રીકાથી પરત ફરવાની શતાબ્દી તથા કામાગાટા મારૂ ઘટના પર સ્મૃતિ સિક્કાનું વેચાણ શરૂ કર્યું છે. આ સિક્કા મહાત્મા ગાંધીના દક્ષિણ આફ્રીકાથી પરત ફરવાની શતાબ્દીની થીમ પર આધારિત છે અને **100** અને **10** રૂપિયાના મૂલ્યમાં ઉપલબ્ધ છે.

PremierCareerInstitute

**કામાગાટા મારૂ ઘટના 23 મે, 1914ની છે**. તે સમયે 376 પ્રવાસીઓને લઈને જઈ રહેલ જહાજને ઈમિગ્રેશન વિવાદને કારણે કેનેડામાં પ્રવેશ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. તેમાંથી મોટાભાગના યાત્રી સિખ, મુસ્લિમ અને હિન્દૂ હતા. તેમાંથી અનેક યાત્રી ભારત પરત ફર્યા બાદ વિરોધ પ્રદર્શનમાં માર્યા ગયા હતા.

મુંબઈ ટંકશાળે આ સ્મૃતિ સિક્કાનું વેચાણ શરૂ કર્યું છે. તેનું **બુકિંગ ઓનલાઈન અને ઓફલાઈન 26 જુલાઈથી 26 સપ્ટેમ્બર સુધી કરી શકાય છે.**

કામાગાટા મારૂ ઘટનાની શતાબ્દી ધીમ પર સિક્કા 100 અને 5 રૂપિયાના મૂલ્યમાં ઉપલબ્ધ છે. સરકારી ટંકશાળ દ્વારા જારી જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે, પ્રુફવાળા સિક્કા 3225 રૂપિયા દરેકના અને અનસર્ક્યુલેટેડ સિક્કા (યૂએનસી) 2644 રૂપિયામાં ઉપલબ્દ હશે. તેમાં જીએસટી સામેલ હશે.

મહાત્મા ગાંધીની 1915માં દક્ષિણ આફ્રીકાથી પરથ ફરવાની શતાબ્દી પર બહાર પાડવામાં આવેલ સિક્કા પર રાષ્ટ્રપતિના બે છાપ પશ્ચિમી પહેરવેશમાં એક યુવા વ્યક્તિ અને ગોળ ચશ્મા પહેલ એક વૃદ્ધ વ્યક્તિની છાપ અંકિત હશે. વર્ષ 2016માં ટંકશાળે બનારસ હિન્દૂ વિશ્વવિદ્યાલયની શતાબ્દી પર એક સ્મૃતિ સિક્કો બહાર પાડ્યો હતો.

PremierCareerInstitute